# રાજકોટ મહાનગરપાલિકા ડેવલપમેન્ટ શાખા

(commencement Certificate)

## આરંભ પ્રમાણપત્ર

વિકાસ કામની પરવાનગી

વોર્ડ નં. ૨

(નમુનો નિયમ ૧૦)

શ્રી ભાવિક મધુસુદન વૈષ્ણવ.

રહેવાસી 150 ફૂટ રીંગ રોડ, શીતલ પાર્ક, રાજકોટ.

રેવન્યુ ગામ :– રાજકોટ / રૈયા / મવડી / નાના મવા / વાવડી / કોઠારીયા / સર્વે નંબર 517/2P-1 ના

પ્લોટ નંબર – ના સબ પ્લોટ નંબર – માં નગર રચના યોજના નંબર ૯ (રાજકોટ)

ફા. પ્લોટ નંબર ૩૩/૨ સ્થળ 150 ફૂટ રીંગ રોડ, શીતલ પાર્ક ચોક, રાજકોટ.

નીચે જણાવ્યા પ્રમાણેનું વિકાસ કામ તેમના મકાનમાં / જમીન ઉપર અંદર આ પાછળ જણાવ્યા પ્રમાણેની શરતોએ કરવા દેવા ગુજરાત ટા. પ્લાંનીગ એન્ડ અ. ડે. એકટ ૧૯૭૬ કલમ ૨૯–૧ અનુસાર આથી પરવાનગી આપવામાં આવે છે.

વિકાસ કામનું વર્ણન :– –: વાણીજય + રહેણાંક હેતુ Mercantile-1+Dwelling-3 પ્લાનઃ–
સામેલ પ્લાનમાં લાલ રંગ રેખાથી દર્શાવ્યા મુજબનું બાંધકામ

| | |
|---|---|
| Cellar | મિકેનાઈઝડ પાર્કિંગ, ડોમેસ્ટીક લીફ્ટ, ફાયર લીફ્ટ તથા રેમ્પનું બાંધકામ. |
| G. Floor | પાંચ શોપ, બે W.C., હેન્ડીકેપ ટોયલેટ, એક મેલ W.C., એક ફિમેલ W.C., કોમન યુરીનલ(ચાર), કવર્ડ પાર્કિંગ તથા બે સીડી, ડોમેસ્ટીક લીફ્ટ, ફાયર લીફ્ટ તથા પેસેજનું બાંધકામ. |
| 1st Floor | પાંચ શોપ તથા પાંચ W.C.નું બાંધકામ<br>લીવીગ/ડાયનીગ, કિચન, ત્રણ બેડરૂમ, બે ટોયલેટ, વોશ, સ્ટોર એવુ એક યુનીટ તથા<br>લીવીગ/ડાયનીગ, કિચન, ચાર બેડરૂમ, ત્રણ ટોયલેટ, વોશ, સ્ટોર, બાલ્કની એવુ એક યુનીટ તથા સીડી, ડોમેસ્ટીક લીફ્ટ, ફાયર લીફ્ટ તથા પેસેજનું બાંધકામ. |
| 2nd To 7th Floor | લીવીગ/ડાયનીગ, કિચન, ત્રણ બેડરૂમ, ત્રણ ટોયલેટ, વોશ, સ્ટોર, બાલ્કની એવુ એક યુનીટ તથા<br>લીવીગ/ડાયનીગ, કિચન, ત્રણ બેડરૂમ, ત્રણ ટોયલેટ, વોશ, એવુ એક યુનીટ તથા<br>લીવીગ/ડાયનીગ, કિચન, ત્રણ બેડરૂમ, બે ટોયલેટ, વોશ, સ્ટોર એવા બે યુનીટ તથા સીડી, ડોમેસ્ટીક લીફ્ટ, ફાયર લીફ્ટ તથા પેસેજનું બાંધકામ. |
| Terrace Floor | ડોમેસ્ટીક લીફ્ટ, ફાયર લીફ્ટ તથા પેસેજનું બાંધકામ તથા ટેરેસ |

**: શરતો :**

| | |
|---|---|
| ૧ | અરજદારશ્રીએ સ્થાનિકે બોર રીચાર્જ તથા સોલાર વોટર હીટીંગ સીસ્ટમ તથા C.F.L. પ્રોવાઈડ કરવાના રહેશે. |
| ૨ | રીયલ એસ્ટેટ (રેગ્યુલરાઈઝેશન એન્ડ ડેવલપમેન્ટ) એકટ, ૨૦૧૬ ની કલમ–૩ ની જોગવાઈ મુજબ, રાજયમાં કોઈપણ વિકાસકાર (પ્રમોટર) રીયલ એસ્ટેટ પ્રોજેકટ જેવા કે, પ્લોટ, એપાર્ટમેન્ટ અથવા બિલ્ડીંગ અથવા તેના ભાગના વેચાણ માટે જાહેરાત, માર્કેટીંગ, બુકીંગ અથવા ઓફર માટેની કાર્યવાહી, રાજય સરકાર દ્વારા રચાયેલ રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી (રેરા) ની કચેરીમાં રજીસ્ટ્રેશન કરાવ્યા સિવાય કરી શકશે નહી. |
| ૩ | માલીકી તથા અંતીમ ખંડની હદો તથા લાગુ મિલ્કતના હક્કો જાળવીને બાંધકામ કરવાનું રહેશે. |
| ૪ | ફાયર બ્રીગેડ શાખાના એન.ઓ.સી.નં **RMC/RFES/Pro.Buil/NOC/NO/07/2021, Date.01/04/2021** ની શરતોને આધિન |
| ૫ | વર્ગીકરણ નં.૩૮, તા.૧૦/૦૨/૨૦૨૧ થી મંજુર થયેલ લે–આઉટ પ્લાનની તમામ શરતોને આધિન |

| | |
|---|---|
| ડેવ.શા.ઈ.નં. ૦૨ | ર. ચી. નં. ૦૫ |
| તા. ૦૫/૦૪/૨૦૨૨ | તા. ૦૬/૦૪/૨૦૨૨ |

આસી. ટાઉન પ્લાનર
રાજકોટ મહાનગરપાલિકા

**(શરતો પાછળ છે)**

**શરતો :-**

(૧) બો. પ્રો. કોર્પો. એકટ ૧૯૪૯ તથા મહાનગરપાલિકાના નિયમો અને પેટા કાયદા અનુસાર મકાનનું બાંધકમ શરૂ કરતા પહેલા અગર સદરહુ એકટની કલમ ૨૫૩ તથા ૨૫૪માં જણાવ્યા પ્રમાણેનું કામ કરતાં પહેલા ધોરણસર મહાનગરપાલિકાની મંજુરી લેવી પડશે.

(૨) લેન્ડ રેવન્યુ કોડની કલમ ૮૫ પ્રમાણે જમીનનો બીન ખેતી ઉપયોગ શરૂ કરતાં પહેલા કલેકટરની જરૂરી પરવાનગી મેળવવી પડશે.

(૩) મકાન અગર તેનો ભાગ ઉપયોગમાં લેતાં પહેલા બો. પ્રો. મ્યુ. કોર્પો. એકટ ૧૯૪૯ ની કલમ ૨૬૩ પ્રમાણે ધોરણસરની મહાનગરપાલિકાની જરૂરી પરવાનગી લેવી પડશે.

(૪) બો. પ્રો. કોર્પો. એકટની ૧૯૪૯ની કલમ ૩૧૩માં નિર્દેશ કર્યા પ્રમાણેના ધંધા અગર ઉપયોગ માટે કોઈપણ માટે કોઈપણ જગ્યાનો ઉપયોગ કરતા પહેલા મહાનગરપાલિકાના પેટા કાયદા મુજબ જરૂરી રેપાર અગર બીજા પરવાના મેળવવા પડશે.

**ખાસ શરતો :-**

(૧) વિકાસ પરવાનગી મેળવ્યા બાદ સ્થળ ઉપર વિકાસ શરૂ કરતાં પહેલાં સાત દિવસ અગાઉ ફોર્મ નં. ૨ (ડી)નું એનેક્ષર, સ્ટ્રકચરલ ડ્રોઈંગ્સ, વર્કીંગ ડ્રોઈંગ્સ તથા સોઈલ ઈન્વેસ્ટીગેશન રીપોર્ટસ નિયમાનુસાર રજૂ કરવાના રહેશે.

(૨) બાંધકામના દરેક તબક્કે ફોર્મ નં. ૬(એ) થી ૬ (ડી)માં દર્શાવ્યા મુજબનું પ્રોગ્રેસ સર્ટીફીકેટ રજૂ કરવાનું રહેશે.

(૩) જી.ડી.સી.આર.ની જોગવાઈ તથા સરકારશ્રીના તા. ૨૯-૫-૨૦૦૧ના સ્ટ્રકચર સેફટી અંગેના હુકમના વિનિયમ નં અનુસાર બાંધકામનાં સ્થળની જરૂરીયાતોની જોગવાઈઓનું પાલન થયેથી જ સ્થળ ઉપર બાંધકામ શરૂ કરવાનું રહેશે.

(૪) સેપ્ટીક ટેંક તથા સોકવેલની સાઈઝ તથા સંખ્યા નેશનલ બિલ્ડીંગ કોડ (આઈ એસ ૨૪૭૦) તથા સિવિલ એન્જીનીયરીંગ હેન્ડ બુક બાય-ખન્ના મુજબ ડ્રેનેજ લે-આઉટમાં દર્શાવવાના રહેશે. તે અનુસારની જોગવાઈ કરવાની જવાબદારી આર્કીટેકટ ઈજનેર/ સ્ટ્રકચરલ એન્જીનીયર/ કલાર્ક ઓફ વર્કસ/સાઈટ સુપરવાઈઝર/ડેવલપર/જમીન માલિકની રહેશે.

(૫) વિકાસ પરવાનગી પત્ર તથા મંજુર થયેલો નકશાઓનો એક સેટ સ્થળ ઉપર પ્રસિધ્ધ કરવાનો રહેશે.

(૬) બાંધકામ પૂર્ણ થયા બાદ બાંધકામનો ઉપયોગ શરૂ કરતાં પહેલાં નિયમાનુસાર અત્રેથી બાંધકામનું વપરાશ અંગેનું પ્રમાણપત્ર મેળવ્યા બાદ જ વપરાશ શરૂ કરવાનો રહેશે.

**શરતો :-**

(૧) વિકાસ પરવાનગી પત્રમાં દર્શાવેલ શરતોમાંથી કોઇપણ શરતોનો ભંગ કરવામાં આવશે તો મહાનગરપાલિકા સતામંડળને તે શરતોનો અમલ જવાબદાર ઈસમના/સંસ્થાના ખર્ચે અને જોખમે કરાવી શકશે અને મહાનગરપાલિકા સતામંડળના તેવા કૃત્યને લીધે જે નુકશાન, ખોટ કે હરકત થાય તે બદલ કોઇપણ વળતર કે બદલો મળશે નહીં.

(૨) આ પરવાનગીના કારણે અરજદારને માલિકી, જમીનની હદ તથા જમીનના વિસ્તાર/ક્ષેત્રફળ અંગેની મંજુરી મળતી નથી પરંતુ બાંધકામ અંગેની મંજુરી આપવામાં આવે છે.

(૩) મુસદ્દારૂપ નગર રચના યોજનામાં ફાળવવામાં આવેલ અતિમખંડની હદ, માપ, ક્ષેત્રફળ તથા ફાળવણી ટાઉન પ્લાનીંગ ઓફિસરશ્રી દ્વારા ફેરફારને પાત્ર છે.

(૪) વખતો વખત મહાનગરપાલિકા શહેરી વિકાસ સતામંડળ તરફથી વિકાસ માટેના જે નિયમો તથા જાહેરાત કરાય તે જમીન માલીક, હિતસંબંધ ધરાવતી વ્યકિત/સંસ્થા તેમજ અરજદારને બંધનકર્તા રહેશે.

(૫) સદર વિકાસ પરવાનગી અન્વયે જમીન માલિકીમાં ફેરફાર થાય અથવા આ પરવાનગી સાથે સંકળાયેલ રજીસ્ટ્રેશન ધરાવતી કોઇ વ્યકિત બદલાય તો નવા જમીન માલિકી અંગેના પુરાવા રજુ કરે ત્યાં સુધી તથા રજીસ્ટ્રેશન ધરાવતી નવી વ્યકિતની નિમણૂંક ન થાય ત્યાં સુધી જી.ડી.સી.આર.નાં વિનિયમ ૫.૨ મુજબ વિકાસ પરવાનગી નિલંબીત ગણાશે. સદરહુ સમય દરમ્યાન થયેલ બાંધકામ બિનઅધિકૃત ગણાશે.

(૬) સરકારશ્રીના તા. ૨૯-૫-૨૦૦૧ ના સ્ટ્રેકચરલ સેફટી અંગેના એનેક્ષર શયના વિનિયમ ૧૩,૧૪,૧૫ની જોગવાઈ અનુસાર ભૂકંપ અંગેની સુરક્ષા, ચક્રવાત અંગેની સુરક્ષા, બાંધકામ તથા બાંધકામમાં વપરાતા ઈમારતી માલ સામાનની ગુણવતા અને તેની ચકાસણી, બાંધકામની સ્થિરતા તથા આગ અંગેની સલામતી તેમજ અન્ય ભયજનક બાબતો અંગે નિષ્ણાંતોની સલાહ, સૂચન મુજબ પગલાં લેવાની તમામ જવાબદારી આર્કીટેકટ/ઈજનેર/સ્ટ્રકચરલ એન્જીનીયર/કલાર્ક ઓફ વર્કસ/ સુપરવાઈઝર/ડેવલપર્સ/જમીન માલીકની રહેશે.

(૭) આ વિકાસ પરવાનગી પત્ર મંજુરી આપ્યા તારીખથી બાર માસ સુધી જ અમલમાં રહેશે. ત્યારબાદ અધિનિયમની કલમ-૩૨ મુજબ વિકાસ પરવાનગીની મુદત વધારવાની મંજુરી મેળવી લેવાની રહેશે.

(૮) ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૩૩ મુજબ વિકાસ યોજનામાં જો કોઇ ફેરફાર થાય તો મહાનગરપાલીકા સતામંડળ આપેલ વિકાસ પરવાનગીમાં ફેરફાર કરી શકશે અથવા વિકાસ પરવાનગી રદ કરી શકશે.

(૯) જી.ડી.સી.આર.ના વિનિયમ ૩.૮ મુજબ અરજદારશ્રીએ ખોટી રજૂઆત અથવા ખોટા દસ્તાવેજી પુરાવા રજુ કરેલ હશે તો આપેલ વિકાસ પરવાનગી આપોઆપ રદ થયેલ ગણાશે.

(૧૦) સ્માર્ટ સીટી અંતર્ગત બાંધકામ શરૂ કરતાં પહેલાં સ્થાનીક કામ કરતા મજુરો માટે હંગામી ટોયલેટ (સાત મજુરો દીઠ એક) માલિકીની હદમાં બનાવવાનું રહેશે તથા રોગચાળો ફેલાય નહીં તે અન્વયે તકેદારી રાખવાની રહેશે, અન્યથા બાંધકામ પરવાનગી રદ ગણાશે.

(૧૧) ''રીયલ એસ્ટેટ (રેગ્યુલાઈઝેશન એન્ડ ડેવલપમેન્ટ) એક્ટ, ૨૦૧૬ની કલમ-૩ની જોગવાઈ મુજબ, રાજ્યમાં કોઈપણ વિકાસકાર (પ્રમોટર) રીયલ એસ્ટેટ પ્રોજેક્ટ જેવા કે, પ્લોટ, એપાર્ટમેન્ટ તથા બિલ્ડીંગ અથવા તેના ભાગના વેચાણ માટે જાહેરાત, માર્કેટીંગ, બુકીંગ અથવા ઓફર માટેની કાર્યવાહી, રાજ્ય સરકાર દ્વારા રચાયેલ રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથરીટી (રેરા)ની કચેરીમાં રજીસ્ટ્રેશન કરાવ્યા સિવાય કરી શકશે નહી.''